## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ભાઈઓ, આ પરિપત્ર પ્રમાણે તમારે ફક્ત લગ્નમાં ભોજનનો બગાડ જ અટકાવવાનો છે... ઢોલ તો તીડ આવ્યા હોય ત્યાં જ વગાડવાનો...!!

# આજે સત્યાગ્રહ છાવણી ખાતે પ્રાથમિક શિક્ષકોના ધરણા યોજાશે

### રાજયભરમાંથી હજ્જારો શિક્ષકો પોતાની પડતર માંગણીઓ સાથે ધરણા યોજી મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવશે

ગાંધીનગર, તા.૧૯

જુની પેન્શન યોજના ફરીથી ચાલુ કરવી તેમજ રાજય અને રાષ્ટ્રીય કક્ષાના વિવિધ પડતર પ્રશ્નો અંગે અખિલ ભારતીય પ્રા.શિક્ષક સંઘ અને ગુજરાત રાજય પ્રા.શિક્ષક સંઘના આદેશ અંતર્ગત ઉગ્ર લડતના મંડાણ થયા હતા. જેમાં ડિસેમ્બર માસમાં રાજયના તમામ જિલ્લા મથકો ખાતે જિલ્લા કક્ષાના ધરણા યોજીને કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. પરંતુ તેમ છતા સરકારના બહેરા કાને શિક્ષકોની પડતર માંગો ન સંભળાતા શિક્ષકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. શિક્ષકોના પ્રશ્નો અંગે કોઈ હકારાત્મક નિર્ણય ન લેવામાં આવતા તા.૨૦ જાન્યુઆરીના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે રાજયકક્ષાનો ધરણાનો કાર્યક્રમ સવારેથી ૧૧ થી ૪ દરમિયાન યોજાશે. આ ધરણા કાર્યક્રમમાં સમગ્ર રાજયના વિવિધ જિલ્લાઓમાંથી મોટીસંખ્યામાં શિક્ષકો ઉમટી પડશે.

રાજયના શિક્ષકોની મુખ્ય માંગણીઓ પર નજર કરીએ તો જુની પેન્શન યોજના શરુ કરવી, સાતમા પગાર પંચની સંપૂર્ણ અમલવારી સહિતના રાષ્ટ્રીય કક્ષાના પાંચ પ્રશ્નો તેમજ ઉચ્ચતર પગાર ધોરણ, સીસીસી પરિક્ષા પાસ કર્યા પછી મળવા પાત્ર તારીખથી આપવા સાથે સીસીસી પરીક્ષાની મુદત વધારવા અને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં રૂ.૪૨૦૦ ગ્રેડ પે આપવા એ બે રાજય કક્ષાના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે લડતનો તબક્કાવાર કાર્યક્રમ યોજાયો હતો.જિલ્લા મથકોએ ધરણા યોજયા બાદ તા.૨૦ જાન્યુઆરીને સોમવારના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરના પ્રાથમિક શિક્ષકો સવારે ૧૧ થી ૪ સુધી ધરણા યોજશે. સત્યાગ્રહ છાવણી ખાતે રાજયકક્ષાના ધરણામાં દરેક જિલ્લામાંથી અંદાજીત ૧૫૦ શિક્ષકો આવી શકે તેમ છે. જયારે ધરણા બાદ ૪ વાગ્યા પછી શિક્ષકોનું પ્રતિનિધી મંડળ મુખ્યમંત્રીને મળીને આવેદન પત્ર પાઠવશે. શિક્ષકોના પડતર માંગણીઓનો નિકાલ નહી આવે તો આગામી તા.૨૭ ફેબુઆરીએ દિલ્હી જંતરમંતર મેદાન ખાતે રાષ્ટ્રીય કક્ષાનો ધરણા કાર્યક્રમ યોજાશે.

## ખૂણેખાંચરેથી



- આજે પોલિયો રવિવાર નિમિત્તે મુખ્યમંત્રીએ કોમ્યુનીટી હોલ ખાતે તો નાયબ મુખ્યમંત્રીએ એક ખાનગી હોસ્પિટલના ઉદ્ઘાટન પછી અભિયાનનો આરંભ કરાવતાં જિલ્લા અધિકારીઓ ૧૨ વાગ્યા સુધી તો અટવાયેલા જ રહ્યા હતા.
- ગાંધીનગર શહેરના નવા સેક્ટરોની મધ્યમાં પડતા સે. ૧૨ નજીક સિનીયર સિટીઝનોને મોર્નિંગ વોક કરવા માટે ઉદ્યાન જેવુ વિકસાવવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.
- મનોરંજન કર કમિશ્નરની કચેરી બંધ કરાતા તેના કર્મચારીઓને માહિતી ખાતામાં તેમજ જી.એસ.ટી.ની કચેરીમાં સમાવવામાં આવ્યા છે.
- મહિલા અને બાળ વિકાસ વિભાગ હવે તેના કર્મચારીઓ માટે એક ખાસ મેગેઝીન "સહિયર ગોષ્ઠી" શરૂ કરવા જઈ રહેલ છે.
- ૨૦૧૮-૧૯માં હાર્ટએટેકને કારણે ૭૫૦ વ્યક્તીના, કેન્સરને લઈ ૧૯ વ્યક્તીના અને ઘડપણને લઈ ૧૪૦૬ વ્યક્તીના જિલ્લામાં મૃત્યુ નોંધાયા છે.

# જિલ્લામાં પોલિયો મુક્ત ભારત અભિયાનનો આરંભ

સમગ્ર રાજયમાં આજે પોલિયો મુક્ત ભારત અભિયાનનો આરંભ થયો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં આ અભિયાનનો આરંભ નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે કુડાસણ ખાતેથી કરવામાં આવ્યો હતો. ગાંધીનગર જિલ્લાના ૦થી ૫ વર્ષના ૧ લાખ ૯૦ હજારથી વધુ બાળકોને પોલીયોના ટીંપા પીવડાવવામાં આવ્યા હતા.

પોલિયો અભિયાનનો આરંભ કરીને નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, પોલિયો મુક્ત ભારત અભિયાનનો આજે સમગ્ર રાજયમાં આરંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનમાં રાજયના ૦ થી ૫ વર્ષની ઉંમરના ૮૦ લાખથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે.



આ સઘન અભિયાનને કારણે રાજયમાં વર્ષ – ૨૦૦૭ પછી એક પણ પોલિયો કેસ નોંધાયો નથી.

શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, જિલ્લામાં આ અભિયાનમાં ૦ થી ૫ વર્ષના ૧ લાખ ૯૦ હજાર બાળકોને આવરી લેવામાં આવનાર છે. ૮૩૭ બુથ, ૧૨૧ મોબાઈલ બુથ, ૧૪ ટ્રાન્સીટી બુથ કાર્યરત કરવામાં આવ્યા છે. સફળ બનાવવા ૧૯૦ સુપરવાઈઝર સહિત કુલ- ૩૩૮૮ આરોગ્યના કર્મયોગીઓ કામ કરી રહ્યાં છે.

આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે, આરોગ્ય અધિક નિયામક શ્રી ડૉ. પ્રકાશ વાઘેલા, મિશન ડાયરેકટર શ્રી જે.ડી.દેસાઈ, આરોગ્ય- પરિવાર કલ્યાણ અધિક નિયામક શ્રી નિલમ પટેલ, રાજય કક્ષાના ઈમીનાઈઝેશન ડૉ. જાની, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ.એમ.એસ.સોલંકી, સહ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. પિયુષભાઈ પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડૉ. હરેશ ત્રિવેદી સહિત આરોગ્યકર્મીઓ ઉપસ્થિત હતાં.

## ચિલોડા પોલીસે વિદેશી દારુ ભરેલુ ડાલુ ઝડપી પાડ્યું

ગાંધીનગર,તા.૧૯

ચિલોડા પોલીસ મથકના કર્મચારીઓ નાઈટમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે હિંમતનગર તરફથી એક બોલેરો પીકઅપ ડાલુ નં. જી.જે.૨૭.જી.સી.૭૧૬૬ ની વિદેશી દારુ ભરીને હિંમતનગરથી વાયા ચિલોડા થઈને અમદાવાદ ખાતે જવાનું છે. જેને પગલે પોલીસે માર્ગ પર આડશ ઉભી કરીને વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે દરમિયાન હિંમતનગર તરફથી આવી રહેલા પીકઅપ ડાલાને ખાનગી કારની આડશ કરીને રોકીને પાડ્યું હતું.

પોલીસે ડાલામાં ચેક કરતા તેમાં ડ્રાઈવર સીટમાં બેઠેલા ઈન્દ્રસિંહ માધુસિંહ રાજપૂત (ઉં.વ.૪૪ ધંધો ડ્રાઈવીંગ રહે સમલેટા, સાયંકાખેડા તા.શ્રીનાથજી જી.રાજસમંદ રાજસ્થાન) તેમજ ડ્રાઈવરની બાજુમાં બેઠેલા વ્યકિતનું નામ ભુરાલાલ ગંગાજી ગાયેરી (ઉં.વ.૫૧ રહે. વાઘોલ તા.શ્રીનાથજી, જી.રાજસમંદ રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસને જીપ ડાલામાંથી વિદેશી દારુની ૨૫૨ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારુની ૨૫૨ બોટલ કિં.રૂ.૮૮,૨૦૦, એક મોબાઈલ કિં.રૂ.૨૦૦૦, તેમજ જીપ ડાલુ કિં.રૂ.૨.૫૦.૦૦૦ મળીને કુલ કિં.રૂ.૩,૪૦,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચિલોડા પોલીસ મથકે પ્રોહિ એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ચિલોડામાં પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમ

પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત પોલિયો મુકત ભારત, પોલિયો મુકત ગુજરાતના ધ્યેયને પાર પાડવા આ અભિયાનમાં ૦ થી ૫ વર્ષની આયુના બાળકોને ચિલોડા વિસ્તારમાં જુની ગ્રામ પંચાયત કચેરી, એસ.ટી. કંટ્રોલ પોઈન્ટ, જૂના પોલીસ સ્ટેશન, આસ્થા કોમ્પ્લેક્ષ ખાતે ૪ બુથ દ્વારા સઘન પલ્સ પોલિયો રસીકરણ કાર્યક્રમ અન્વયે આંગણવાડી-આરોગ્ય કાર્યકરો દ્વારા બે ટીપાં પોલિયો ભુલકાઓને પીવડાવવામાં આવ્યા હતાં.

## વાત-વાતમાં.....

- શહેરમાં રવિવારે સવારથી ઠંડીનું પ્રમાણ વધુ જણાતા મોટા ભાગના માર્ગો પર ટ્રાફિકની હલચલ ઓછી જણાઈ હતી. જો કે શહેરમાં લગ્નસરાની સીઝન ચાલુ હોવાથી તેનો ધમધમાટ જરૂર અનુભવાયો હતો.
- શહેરના અગ્રણી વેપારી અને સુખડિયા પરિવારના અકસ્માતે થયેલા અવસાન પામેલા સભ્યોને શ્રદ્ધાંજલિ આપવાના હેતુથી રવિવારે રાત્રે ડૉ. આંબેડકર હોલ ખાતે સ્મિત મ્યુઝિક દ્વારા ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરના યુવા અને અનુભવી કલાકારોએ કરાઓકે ટ્રેક પર તેમના પરફોર્મન્સ આપ્યા હતા.
- શહેરની શાળા-કોલેજોમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી અંગે તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. આ ઉજવણીમાં યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમોની તૈયારીઓ માટે વિદ્યાર્થીઓએ રવિવારે પણ શાળા-કોલેજમાં જઈને પ્રેક્ટીસ કરી હતી.



પલ્સ પોલિયોના રાજયવ્યાપી અભિયાનનો પ્રારંભ થયો છે. ૦ થી ૫ વર્ષની વયના ૮૦ લાખથી વધુ બાળકોને આ તબક્કા હેઠળ આવરી લેવાશે. કોર્પોરેટર રાકેશ પટેલે બાળકોને પોલિયોની રસીના ટીંપા પીવડાવ્યા હતા.



## શાહપુર ધ ડિજીટલ પ્રાથમિક શાળાની મુલાકાત લેતા વિદેશી શિક્ષણવિદો

ગાંધીનગર તાલુકાની શાહપુર સ્થિત ધ ડિજિટલ સ્કૂલની ભુટાનથી આવેલ શ્રી કર્મ શેરૂબ અને દુબઈથી પ્રતિક અગ્રવાલ બંને શિક્ષણવિદ ભારતની આઈ.સી.ટી.માં કાર્ય કરતી શાળાની મુલાકાત લઈ વિશિષ્ટ શૈક્ષણિક સંશોધનક્ષેત્રે પ્રસાર-પ્રચાર માટે કાર્ય કરી રહ્યા છે. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ બંને મહાનુભાવો દ્વારા મુલાકાત લેવા બદલ ગૌરવની લાગણી અનુભવી હતી.

# બજેટનું કદ ૨.૨૨ લાખ કરોડ હોવાની સંભાવના : કરકસરને પ્રાધાન્ય, રોજગારીની દિશા નક્કી થશે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત સરકારનું ૨૦૨૦-૨૧ના વર્ષનું બજેટ અગાઉના વર્ષોની સરખામણીએ સૌથી મોટું હોવાની સંભાવના છે. રાજયના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલ ૨૪મી ફેબ્રુઆરીએ સામાન્ય બજેટ રજૂ કરશે. આ સત્ર ૩૧મી માર્ચ સુધી ચાલશે. રાજયના નાણામંત્રીએ ગયા વર્ષે લોકસભાની ચૂંટણી હોવાથી ફેબ્રુઆરી ૨૦૧૯માં ચાર મહિના માટે ૬૪૦૦૦ કરોડ રૂપિયાનું લેખાનુદાન (વોટ ઓનએકાઉન્ટ) લીધું હતું પરંતુ તેમણે જુલાઈ મહિનામાં પૂર્ણ બજેટ રજૂ કર્યું હતું અને તેનું કદ ૨.૦૪ લાખ કરોડ રૂપિયા રાખ્યું હતું. આ વર્ષે બજેટના કદમાં કરકસરને ધ્યાને રાખતાં ૧૫ હજાર થી ૧૮ હજાર કરોડ રૂપિયાનો વધારો થાય તેવી શક્યતા છે. આ વર્ષે બજેટનું કદ ૨.૨૨ લાખ કરોડની આસપાસ હોય તેમ જણાય છે. નાણા વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૦૨૦-૨૧ના વર્ષના બજેટમાં રાજ્ય સરકાર નવી યોજનાઓની જાહેરાત કરી શકે છે. ખાસ કરીને બેરોજગારીના મુદ્દે વર્તમાન ભાજપની સરકાર ઘેરાયેલી છે ત્યારે બજેટમાં રોજગારી પર વધારે ભાર મૂકવામાં આવી શકે છે. ગુજરાત સરકારની મુખ્ય આવક ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની છે અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે છતાં કેન્દ્ર પાસેથી વર્તમાન વર્ષમાં ગુજરાતને પાંચ થી છ કરોડ રૂપિયા ઓછા મળ્યા છે તેથી સરકારના નાણાકીય સંતુલનપર ભાર મૂકવામાં આવી શકે છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ઉપરાંત મહાનગરપાલિકાઓનીચૂંટણીનું વર્ષ હોવાથી રાજ્ય સરકાર વધારાના કોઈ વેરાઓ અંગે દરખાસ્ત કરી શકે તેમ નથી. રાજ્યમાં મહત્વની નવી યોજનાઓ માટે વિભાગો પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવી છે પરંતુ નાણામંત્રી નીતિન પટેલે કરકસરનો માર્ગ અપનાવ્યો હોવાથી વિભાગોને મર્યાદા રાખવાની સૂચના આપવામાં આવી છે.

**● જ્યાં લાંચ લેવાતી હોય ત્યાં ઓચિંતુ ચેકીંગ જરૂરી...**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું છે કે કોઈની પણ શેહશરમ રાખ્યા વિના અમારી લડાઈ ભ્રષ્ટાચાર સામેની છે અને અમે કોઈપણ ભ્રષ્ટ અધિકારી સામે પગલાં લઈ શકીએ છીએ. રૂપાણીનો મનસૂબો ઉત્તમ છે પરંતુ સરકારમાં ભ્રષ્ટાચારની ગંગોત્રી વહે છે તેવા મુખ્ય છ સ્થાન છે જ્યાં સરકારે ઓચિંતુ ચેકીંગ કરાવવું જોઈએ. ફરજ દરમ્યાન પ્રામાણિકતાની છાપ છોડી છે તેવા એક નિવૃત્ત અધિકારીએ કહ્યું છે કે- રાજ્યમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર ગૃહ, મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગમાં થાય છે. આ ત્રણેય વિભાગો એવાં છે કે જ્યાં રૂપિયા સિવાય કામ થતાં નથી. ટોપ ટુ બોટમ એટલે કે જિલ્લાકક્ષાએ થી રાજ્યકક્ષા સુધી ભ્રષ્ટાચાર થતો હોય છે. સરકારના ત્રણ જાહેર સાહસો પણ એવાં છે કે જ્યાં સૌથી વધુ ભ્રષ્ટ નીતિ-રીતિ જોવા મળતી હોય છે. આ સાહસોમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સમાવેશ થાય છે. સરકારના ત્રણ વિભાગો અને ત્રણ જાહેર સાહસોમાં એવી રહસ્યમય સિસ્ટમ ગોઠવવી જોઈએ કે લાંચ માગતા અધિકારીઓ કે કર્મચારીઓને સીધા ફીટ કરી શકાય. લાંચ લેવી અને આપવી એ ગુનો છે તેવું સરકારી અધિકારીઓ તેમજ કર્મચારીઓ જ નહીં, લાંચ આપનારા અરજદારોને પણ તેની પ્રતિતિ થવી જોઈએ. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નિડરતાથી ૨૦-૨૦ ખેલતા હોય તેમ ભ્રષ્ટાચાર નિર્મૂલનનું અભિયાન શરૂ કર્યું છે.

**● કૃષિમાં મબલખ ઉત્પાદન છતાં તીવ્ર ભાવવધારો...**

ગુજરાતમાં ભારે વરસાદ, કુદરતી આફતો અને કમોસમી વરસાદ હોવા છતાં ખરીફ અને રવિ સિઝનનું કુલ ઉત્પાદન વધવાની સંભાવના છે. ફુડગ્રેઈન અને કઠોળનું ઉત્પાદન ૮૦,૭૧,૯૩૦ મેટ્રીકટન થવાની ધારણા છે. આ વર્ષે બન્ને સિઝનમાં કુલ વાવેતર વિસ્તાર ૩૬,૩૯,૩૪૦ હેક્ટર જોવા મળ્યો છે. રાજ્યના ખેતીવાડી વિભાગના અંદાજ પ્રમાણે રાજ્યમાં ચોખા, ઘઉં, જુવાર, બાજરી, મકાઈ સહિતના પાકોનું ઉત્પાદન ૭૨,૦૮,૦૫૦ થયું હોવાનો અંદાજ છે જ્યારે કઠોળ પાકોનું ઉત્પાદન ૮,૬૩,૮૮૦ મેટ્રીકટન થયું છે. ઓઈલ સિડ્સના પાકોનું ઉત્પાદન ૫૪,૨૦,૯૩૦ મેટ્રીકટન થવાની ધારણા છે જે પૈકી સૌથી વધુ મગફળીનું ઉત્પાદન ૩૨,૬૧,૪૭૦ મેટ્રીકટન થયું છે, આમ છતાં સિંગતેલના ભાવ આસમાને પહોંચી રહ્યાં છે. સિંગતેલના ભાવમાં વધારો થતાં તેની અસર કપાસિયા સહિતના અન્ય તેલબજારમાં થઈ છે. આ વર્ષે કોટનનું ઉત્પાદન ૮૭,૦૮,૩૬૦ ગાંસડી થયું છે જે ગયા વર્ષ કરતાં વધારે તેમજ અગાઉના વર્ષોની સરખામણીએ ઓછું જોવા મળે છે. એક ગાંસડીમાં ૧૭૦ કિલોગ્રામ કોટન ગણવામાં આવે છે. આખા દેશની જનતાને ડુંગળીએ રડાવી છે પરંતુ ગુજરાતમાં તેનું ઉત્પાદન વધ્યું છે તેમ છતાં વેપારીઓની મોનોપોલી અને સંગ્રહાખોરીને કારણે આજે પણ ડુંગળી ૭૦ રૂપિયે કિલોગ્રામના ભાવે વેચાય છે. રાજ્યમાં ડુંગળીનું વાવેતર ૩૯,૨૭૦ હેક્ટર વિસ્તારમાં થયું હતું જેમાં ઉત્પાદન ૧૧,૨૩,૮૭૦ મેટ્રીકટન થવાની ધારણા છે. કૃષિ વિભાગના આંકડા પ્રમાણે ગયા વર્ષે વિવિધ અનાજ પાક તેમજ કઠોળનું ઉત્પાદન ૬૮,૦૨,૯૪૦ મેટ્રીકટન થયું હતું જ્યારે તેલિબિયાંનું ઉત્પાદન ૩૭,૩૪,૩૯૦ મેટ્રીકટન થયું હતું જે પૈકી મગફળનું ઉત્પાદન ૨૨,૦૩,૩૮૦ મેટ્રીકટન હતું છતાં સિંગતેલના ભાવો કાબૂમાં રહ્યાં હતા. નોંધાયેલા આંકડા પ્રમાણે રાજ્યમાં ગયા વર્ષે કોટનનું ઉત્પાદન ૬૨,૭૯,૬૯૦ ગાંસડી અને ડુંગળીનું ઉત્પાદન ૭,૨૦,૫૦૦ મેટ્રીકટન થયું હતું જે આ વર્ષની સરખામણીએ ખૂબ ઓછું હોવા છતાં આ વર્ષે કૃષિના વિવિધ પાકોમાં ભાવવધારો જોવા મળી રહ્યો છે.

## ગુજરાતમાં ૭૧ ટકા સ્થાનિક ટુરિસ્ટ, ૨૬ ટકા અન્ય રાજ્યના અને માત્ર બે ટકા વિદેશી છે

**● ગુજરાતમાં ૭૧ ટકા સ્થાનિક ટુરિસ્ટ હોય છે...**

કુછ દિન તો ગુજારો ગુજરાત મેં... આ સૂત્ર રાજ્યના પ્રવાસન વિભાગને અનુકૂળ આવ્યું છે. મુખ્યત્વે ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચને જ્યારે ગુજરાતમાં રોકાણ કરીને ટુરિઝમની એડ ફિલ્મો બનાવી હતી ત્યારે આ સૂત્ર દેશભરમાં પોપ્યુલર થયું હતું. આજે આ સૂત્રના આધારે રાજ્યમાં ટુરિસ્ટની વાર્ષિક સંખ્યા વધીને ૫.૭૫ કરોડ થઈ છે, જેમાં અગાઉના વર્ષ કરતાં ૧૪ ટકાનો સીધો વધારો છે. રાજ્યમાં સાસણ ગીર, કચ્છનો રણોત્સવ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી એવાં સ્થળો છે જ્યાં સૌથી વધુ ટુરિસ્ટ આવતા થયાં છે. છેલ્લા પાંચ વર્ષના ટુરિસ્ટ રેકોર્ડ જોઈએ તો ૨૦૧૪-૧૫માં રાજ્યમાં કુલ ૩.૨૬ કરોડ ટુરિસ્ટ આવ્યા હતા. ૨૦૧૭-૧૮માં આ સંખ્યા ૫.૦૯ કરોડ થઈ છે જ્યારે ૨૦૧૮-૧૯માં ટુરિસ્ટની સંખ્યા ૫.૭૫ કરોડ થઈ છે. આટલી મોટી સંખ્યામાં ટુરિસ્ટના આંકડાનું પૃથ્થકરણ કરતાં માલૂમ પડ્યું છે કે રાજ્યના ટુરિસ્ટની સંખ્યા ૭૧.૫૬ ટકા છે. અન્ય રાજ્યોમાંથી આવેલા ટુરિસ્ટ ૨૬.૩૦ ટકા થવા જાય છે જ્યારે એનઆરઆઈ એટલે કે અન્ય દેશોમાંથી આવેલા ટુરિસ્ટ ૨.૧૪ ટકા છે. વિદેશથી આવેલા ટુરિસ્ટની સંખ્યામાં પણ વધારો થતો જાય છે તેમ છતાં ફાઈવસ્ટાર હોટલોની અછત તેમજ રાજ્યમાં નશાબંધીનો કાયદો હોવાથી વિદેશી ટુરિસ્ટની સંખ્યામાં જોઈએ તેવો ઉછાળો આવતો નથી. બહારના ટુરિસ્ટને ગુજરાતના પ્રવાસન વિભાગની કેટલીક મર્યાદાઓ નડે છે. રાજ્યના એક સનદી અધિકારીએ કહ્યું હતું કે દારૂબંધીમાં કેટલીક વધુ છૂટછાટ મળે તો અન્ય રાજ્યો તેમજ વિદેશી ટુરિસ્ટની સંખ્યામાં વધારો થઈ શકે તેમ છે.





## ગુજરાતમાં કૃષિ પાકોનું ફુલગુલાબી ચિત્ર છતાં ભાવવધારાની તીવ્ર અસર જોવા મળે છે

**● મોંઘવારી સામે ભાજપના બધાં નેતા ચૂપ છે...**

ભારત અને ગુજરાતમાં મોંઘવારીના મુદ્દે કેન્દ્રની પૂર્વ યુપીએસ સરકાર અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ સામે ભાજપના પ્રદેશ અને કેન્દ્રીય નેતાઓએ રીતસરનું જનઆંદોલન શરૂ કર્યું હતું પરંતુ આજે ભાજપની સરકારમાં તેના પ્રત્યેક નેતાઓ ચૂપ છે. મોંઘવારીના મુદ્દાને તેઓ આંતરરાષ્ટ્રીય ઈકોનોમી સાથે તોલી રહ્યાં છે. જે તે સમયે મનમોહનસિંહ પેટ્રોલ અને ડીઝલના ભાવવધારા માટે ક્રુડઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવમાં થતી વધઘટનું કારણ આપતાં હતા ત્યારે ભાજપના નેતાઓ માનવા તૈયાર ન હતા પરંતુ આજે પેટ્રોલ અને ડીઝલના ભાવ ૭૦ રૂપિયા કરતાં પણ વધી ગયા છે ત્યારે આ જ નેતાઓ આંતરરાષ્ટ્રીય બજારનું કારણ આપી રહ્યાં છે. ગુજરાતમાં સિંગતેલના ભાવમાં ૨૫ પૈસાનો વધારો થતો હતો ત્યારે અમદાવાદમાં ભાજપના નેતાઓ પાણીમાં પૂરી બનાવતા હતા પરંતુ આજે ૨૫ રૂપિયા એક જ દિવસમાં વધી જાય છે ત્યારે આ નેતાઓ ચૂપ છે. રાજ્યમાં મગફળીનો મબલખ પાક થયો છે છતાં તેલિયા રાજાઓની લૂંટ સામે મુખ્યમંત્રી અને તેમની કેબિનેટ ચૂપ છે. ગાંધીનગર થી અમદાવાદ જવું હોય તો ૧૫ વર્ષ પહેલાં એસટી બસમાં બે થી ત્રણ રૂપિયાની ટિકીટ થતી હતી, આજે ૩૦ રૂપિયા થઈ છે છતાં સરકાર ચૂપ છે. ઘરવપરાશની ચીજવસ્તુઓમાં દર મહિને ભાવમાં વધારો થાય છે છતાં સરકાર ચૂપ છે. દિલ્હીની સરકાર ગુજરાતના પ્રશ્નો ઉકેલવામાં અન્યાય કરી રહી છે તેવું કોંગ્રેસ પ્રેરિત એનડીએ સરકારમાં કહેવાતું હતું. કેન્દ્રની ગુજરાતને થપ્પડ સૂત્ર મશહૂર કરી દેવામાં આવ્યું હતું પરંતુ આજે દિલ્હીમાં ભાજપની સરકાર છે છતાં કોઈ અવાજ નથી. બધાં અચાનક ચૂપ કેમ થઈ ગયા છે, રાજ્યની જનતાને ખબર છે...

## મોંઘવારી મુદ્દે યુપીએ સરકારને ખૂબ ગાળો આપી છે પરંતુ હવે ગાળો આપનારા ચૂપ છે

**● જમીન મૂલ્યાંકનમાં બે મહત્વના સુધારા કરાયા...**

ગુજરાત સરકારે જમીનના વેચાણના કિસ્સામાં ખેતી થી ખેતી અથવા બિનખેતીના હેતુ માટે જમીનને જૂની શરતમાં ફેરવવા માટે પ્રિમિયમ વસૂલ કરવામાં આવતું હોય છે. કોઈપણ જમીનમાં પ્રિમિયમના દરો ભર્યા પછી શરતફેરની મંજૂરી આપવામાં આવતી હોય છે. રાજ્ય સરકારે આવી મંજૂરી આપવાના કિસ્સામાં કેટલોક ફેરફાર કર્યો છે. મહેસૂલ વિભાગના આદેશ પ્રમાણે ગણોતધારા સહિતની નવી અને અવિભાજ્ય શરતની જમીનોના વેચાણના કિસ્સામાં શરતફેરની મંજૂરી આપવાનું રાજ્ય સરકાર નક્કી કરતી હતી પરંતુ હવે આવા કિસ્સાનો સમયમર્યાદામાં નિકાલ થાય તે માટે વિભાગે મહત્વના બે ફેરફારો કર્યા છે. પહેલા સુધારામાં જણાવવામાં આવ્યું છે કે પ્રવર્તમાન જંત્રી મુજબ થતાં મૂલ્યાંકન પ્રમાણે ૫૦ લાખ રૂપિયા સુધીના મૂલ્યાંકનની સત્તા જિલ્લા કલેક્ટરોને આપવામાં આવી છે. બીજા સુધારા પ્રમાણે પ્રવર્તમાન જંત્રી મુજબના મૂલ્યાંકન પ્રમાણે ખેતી થી ખેતીની જમીન તેમજ ખેતી થી બિનખેતીની જંત્રી અગલ અલગ ગણવાની રહેશે. આ પ્રમાણે બન્નેમાંથી એકની જંત્રી ૫૦ લાખ રૂપિયાથી વધારે થતી હોય તો તેવા કિસ્સા સરકારની પૂર્વ મંજૂરી માટે મોકલવા પડશે. એટલે કે ૫૦ લાખ રૂપિયા સુધીના મૂલ્યાંકની સત્તાઓ હવે જિલ્લાકક્ષાએ કલેક્ટરોને આપવામાં આવી છે. આવા પ્રકરણ ગાંધીનગર સુધી આવશે નહીં.